


## સલામી સવારની..

*લોકશાહીમાં આર્થિક હકો ખૂંચવાઈ રહ્યા છે,*
*નોટોના આદેશોમાં ખૂદ ગૂંચવાઈ ગયા છે,*
*અટવાઈ ગયા છે એ જેટલીના સાતકોઠામાં -*
*ચારકોર ઠંડા આવકારે ઠૂંઠવાઈ ગયા છે!*

હાઈકુ

*મુલાયમજી!*
*કોઈ ન પ્હોંચે એને -*
*પહોંચે પેટ!*
*(યાદવાસ્થળી)*

*લ્યો! બંને પક્ષો!*
*ગાલ રાખે છે લાલ -*
*તમારા મારી!!*
*(પંચાયત પરિણામો)*

### ચિંતન

*સઠ સન બિનય કુટિલ સન પ્રીતિ ।*
*સહજ કૃપન સન સુંદર નીતિ ॥*

ઉપરોક્ત ચોપાઈ સુંદરકાંડમાંથી લેવામાં આવેલ છે.

મૂર્ખ સાથે વિનય રાખવો, અને કુટિલ સાથે પ્રીતિ દાખવવી, તે કંજૂસને સુંદરનીતિ (એટલે ઉદારતાનો ઉપદેશ આપવો) સમજાવવા જેવું છે.)

માણસનો સ્વભાવ-પ્રકૃતિ સામાન્યતઃ બદલાતી નથી - પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય - આત્મા જન્મ સાથે જ પ્રકૃતિ - ટેવો - સ્વભાવ સાથે જન્મે છે. સત્સંગ અને સંસ્કારથી થોડા અંશે તફાવત - ફેર પડે પણ મૂળમાંથી તો કદી પરિવર્તન આવતું નથી. અહીં જન્મજાત સ્વભાવવાળા જનોની સાથે ગમે તેટલી સારી વર્તણૂક કરવાથી પણ કોઈ અસર વર્તાતી નથી.

### સુવિચાર

- જે પોતાની જિંદગી આપી દે, બીજાની જિંદગીમાં રોડા ન નાખે એ જ બંદગી - **મોરારી બાપુ**
- અહંકારી કોઈની પાસે જવા માટે તૈયાર નથી,
  અને ક્રોધી પાસે કોઈ આવવા માટે તૈયાર નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- સ્વપ્ન એ ફક્ત સ્વપ્ન જ છે, પણ ધ્યેય એ સમય અને સુયોજન સાથેનું સ્વપ્ન છે. - **સંત રોબિન**
- મારી પહેલેથી દૃઢ શ્રદ્ધા રહી છે કે કોઈ પણ ઉત્તમ સેવાકાર્ય ધનના અભાવે અટકતું નથી - **સુરેશ દલાલ**
- પુરાવાનો અભાવ એ અભાવનો પુરાવો નહીં - **પાલખીવાલા**
- બુંદ બંનને કો સમુન્દર કી, હીમાલય ભી ગલ જાતા હૈ - **અનામ**
- હું લોજિક વગર જીવી શકું પણ લાગણી વગર નહીં - **કાજલ ઓઝા**
- આજનું ઔષધ : ગળો અને લીમડાના પાન વાટી રસ કાઢી સવાર-સાંજ બે ચમચી પીવાથી જૂના ચામડીના રોગોમાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આપણા ઋષિ-મુનિઓ એ ટેકરી-પર્વતો-કાંઠે-સમુદ્રતટે વન-જંગલોમાં 'મંદિરો' મૂર્તિની સ્થાપના કરી સમાજ પ્રકૃતિ દર્શન કરી ઈશ્વરીય રચનાના દર્શન કરવાની પ્રેરણા આપી. મંદિરની મૂર્તિમાં મંગલભાવના - શ્રદ્ધા-વિશ્વાસ-ભક્તિની ઉર્જા -ઓરા જમા થતી રહે છે. સ્વચ્છ સુગંધી વાતાવરણમાં ઈશ્વરની હાજરી પ્રતીત થાય છે. ઉત્સવ-તહેવારનો દિવસે ભગવાન એ યાત્રાધામમાં અચૂક હાજર હોય છે. મૂર્તિપૂજાનું મહત્ત્વ છે. નરસિંહ-મીરાં રામકૃષ્ણે મૂર્તિઓ સાથે સંવાદ પણ કર્યા જ છે.

સ્વામી વિવેકાનંદ, અલ્વરના રાજા મંગલસિંહ સાથે અધ્યાત્મની ચર્ચા કરતા હતા. દક્ષિણેશ્વર અને મહાકાલીની વાત નીકળી. મંગલસિંહે વાત વચ્ચેથી કાંપતાં બોલ્યા, આપ ભલે કહો પણ પથ્થર કે લાકડાંની મૂર્તિમાં શ્રદ્ધા-વિશ્વાસ કેમ જાગે?

વિવેકાનંદજીએ બાજુમાં ટેબલ પર ચાંદીની ફ્રેમમાં મઢેલી તેમના પિતાશ્રીની છબી ઉપાડીને કહ્યું, લ્યો - આ છબિ પર થૂંકો ! મંગલસિંહ મૂંઝાયો. સ્વામીજી કહે કેમ ! આમાં કાગળનો ટૂકડો અને કાચ જ છે ને?

સ્વામીજીએ સમજાવ્યું - સાથે તમારી પિતૃત્વની પવિત્ર ભાવના પણ છે જ ને?!

# અનેકવિધ પડકારો અને નવી આશાઓથી ભર્યું ભર્યું નૂતનવર્ષ

પહેલાં તો વૈશ્વિક નવા વરસના ઊઘડતા પ્રભાતે સૌને અંતઃકરણપૂર્વ હેપી ન્યુ યર! સંસારને અસાર કહેનારા અને સમજનારા પણ એટલું તો સ્વીકારે જ છે કે જે કંઈ અમંગળ બને છે એના જ પાયા પર તો મંગળ ઘટનાનું નિર્માણ થતું હોય છે. એથી કાળની ગતિ હંમેશાં મૃત્યુ તરફની હોવા છતાં કાળા માથાનો માનવી હર પળે કશુંક શુભ બનશે એવી આશામાં જીવ્યા કરે છે. યક્ષના પ્રશ્નો પૈકીનો સૌથી પહેલો પ્રશ્ન જ આ જ હતો : આ સંસારમાં સૌથી મોટું આશ્ચર્ય કયું છે? યુધિષ્ઠિરે એનો સચોટ જવાબ આપેલો : માનવી જાણે છે કે એક દિવસ એણે મરવાનું છે. પરંતુ એ એવી રીતે વર્તે ઓછે કે જાણે એ ક્યારેય મરણ પામવાનો નથી. દરેક ચલ-અચલ અસ્તિત્વ એની એક્સ્પાઈરી ડેટ લઈને જ પેદા થતું હોય ત્યાં માણસ માટે વર્તમાન જ સૌથી મહત્ત્વની ઘટના ઘણાય. આપણે સામાન્ય માનવીઓ સમકાલીન શાસનકર્તાઓ અને સેલિબ્રિટીઝને લગતી ઘટનાઓને ઈતિહાસ ગણીને ચાલવા ટેવાયા છીએ. એટલે ૨૦૧૬નું વર્ષ ઓબામાથી લઈ મોદી અને આનંદીબેન કે વિજય રૂપાણી માટે અથવા દિલીપકુમારથી લઈ વિરાટ કોહલી માટે કેવું રહ્યું એના સર્વેક્ષણમાં ઈતિશ્રી સમજીએ છીએ. રાજકારણ જીવનનો અનિવાર્ય જ નહીં, અતિ મહત્ત્વપૂર્ણ હિસ્સો છે એની ના નહીં, પરંતુ સતત ચાલતી ઉત્ક્રાંતિમાં રાજકારણ કરતાં વિજ્ઞાન અને અધ્યાત્મ વધારે અગત્યની બાબતો છે. દેશના રાજકારણની જ વાત કરીએ તો ૨૦૧૭નું વર્ષ ઉત્તરપ્રદેશના સમર્થ નેતા મુલાયમસિંહ માટે વિષાદનો સંદેશ લઈને આવ્યું છે. ચૂંટણીઓમાં પડઘમ વાગી રહ્યાં છે ત્યારે ત્યારે પરિવારમાં સરજાયેલી યાદવાસ્થળીએ સમાજવાદી પાર્ટીનું ભાવિ ધૂંધળું બનાવી મૂક્યું છે.

સત્તાધારી પાર્ટીના મુખ્યમંત્રીને જ એમના પિતા અને સપાના સર્વેસર્વા એના મુલાયમસિંહે પાર્ટીમાંથી છ વર્ષ

*તંત્રીસ્થાનેથી...*

માટે સસ્પેન્ડ કરી દેતાં પરિસ્થિતિએ નવો જ વળાંક લીધો છે. હવે સપાની આ કમનસીબી કોને ફળે છે અને નવાં સત્તા સમીકરણો કેવો આકાર લે છે, તે આગામી દિવસોમાં દેખાઈ આવશે. સપાના વિકલ્પે બસપાને સત્તા સોંપવા ટેવાયેલા ઉત્તરપ્રદેશમાં સત્તા હાંસલ કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પક્ષ પ્રમુખ અમિત શાહ આકાશપાતાળ એક કરી રહ્યા છે તો સામે રાહુલ ગાંધી પણ પક્ષની ગુમ થઈ ગયેલી ગરિમા પુનઃ પ્રસ્થાપિત કરવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી હેમખેમ પાર પડી છે અને બેઉ મુખ્યપક્ષો પોતપોતાને વધુ બેઠકો મળી હોવાનો વિવાદાસ્પદ દાવા કરી રહ્યા છે. ગુજરાત કોંગ્રેસ પાસે ભાજપ કરતાં વધુ સક્ષમ અને અનુભવી નેતાઓ છે, એની તો ખુદ ભાજપનાં વર્તુળો પણ કઈ રીતે ના પાડી શકશે? એની પોસ શંકરસિંહ વાઘેલા અને ભરતસિંહ સોલંકી જેવા સક્ષમ આગેવાનો છે, જેમની લોકપ્રિયતા કે અનુભવ વર્તમાન શાસક પક્ષના પ્રાદેશિક નેતાઓ કરતાં વધુ છે, પરંતુ ભાજપ પાસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે, એમનું અને પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનું ચૂંટણી લક્ષી ટકોરાબંધ આયોજન છે, સંભવિત નવા નેતૃત્વની લગાણી છે. સૌથી વધુ તો એની પાસે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનું સંઘબળ - સંગઠન શક્તિ છે, જે છેલ્લી ક્ષણે હારની બાજી જીતમાં ફેરવવાનું અદમ્ય કૌવત દાખવી શકે છે.

૨૦૧૭નું વર્ષ ગુજકાતમાં આ બેઉ રાજકીય પાર્ટીઓના બળાબળનો મુકાબલો બની રહેશે, જેની અસર ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પર પણ પડશે, એમાં બે મત નથી. આપણે પરમકૃપાળું પરમાત્માને પ્રાર્થના કરીએ કે હાલના ડહોળાયેલા વાતાવરણમાં પણ પ્રજાએ જે ધીરજ અને સહિષ્ણુતા દાખવ્યા છે તે અકબંધ રહે અને આગામી વર્ષ ગુજરાત માટે ઉન્નતિનાં નવા શિખરો સર કરાવનારું યાદગાર વર્ષ બની રહે.

# જાણીએ... ખિસકોલીઓ વિશે - થોડુંક...

લોકપ્રિય અને બહુપ્રચલિત એવી આપણી ખિસકોલી કર્તરી (Rodentia) શ્રેણીનું સસ્તન પ્રાણી છે. આ શ્રેણીના પ્રાણીઓ તેમના વિશિષ્ટ એક જોડ છેદક (Incisors) દાંતોની મદદથી કંઈક ને કંઈક સતત કાપડાં રહેતા હોવાથી તેમને 'કર્તરી' કહેવામાં આવે છે.



વિશ્વમાં કર્તરી (Rodentia) શ્રેણીના ૨૨૫૦ જાતિઓ છે. આ જાતિઓ સસ્તન પ્રાણીઓની ૪૦% જેટલું પ્રમાણ ધરાવે છે. કર્તરી શ્રેણીની બે ઉપશ્રેણી સીરોનેથ્રી એન હિસ્ટ્રીકોનેથી છે. સીરોનેથ્રીમાં ખિસકોલી અને ઉંદરોનો સમાવેસ થાય છે જે બંને પ્રાણીઓ તેમના છેદક દાંતની મદદથી કંઈકને કંઈક કોતરતા જ રહે છે.

વિશ્વમાં ખિસકોલીઓની ૪૯ પ્રજાતિઓ સ્થિતિ ૨૬૦ જાતિઓ જોવા મળે છે. આપણા ભારત દેશમાં ૨૭ (સત્તાવીશ) અને ગુજરાત રાજયમાં ૪ (ચાર) જાતિઓ જોવા મળે છે. ભારતમાં જોવા મળતી ખિસકોલીઓમાં 'ઈન્ડિયન જાયન્ટ' સ્કવેરલ મોટામાં મોટી છે. જયારે 'હિમાલયન સ્ટ્રીપ્ડ સ્કવેરલ' કદમાં સહુથી નાનામાં નાની છે.

આપણાં ગુજરાતમાં ત્રણ અને પાંચ પટ્ટાવાળી તાડની ખિસકોલી, મોટી ખિસકોલી (Indian (Dangs) Giant Squirrel) તથા મોટી બદામી ઉડતી ખિસકોલી (Large brown flying Squirrel) જોવા મળે છે.

પાંચ પટ્ટાવાળી ખિસકોલીની પીઠ પર આછા રંગના પાંચ પટ્ટા, જોવા મળે છે. જયારે પણ ત્રણ પટ્ટાવાળી ખિસકોલીના નામ પ્રમાણે તેની પીઠ ભાગે ત્રણ જ પટ્ટા હોય છે. પાંચ પટ્ટાવાળી ખિસકોલી આપણા દેશના ઘણા ભાગોમાં તથા સમગ્ર ગુજરાતમાં બધા જ જિલ્લાઓમાં આ ખિસકોલી જોવા મળે છે. ત્રણ પટ્ટાવાળી ખિસકોલી દક્ષિણ ભારતમાં સામાન્ય છે, બધે જ જોવા મળે છે. જયારે પાંચ પટ્ટાવાળી તાડની ખિસકોલી જંગલ ભાગમાં વધુ જોવા મળે છે. જયારે ત્રણ પટ્ટાવાળી ખિસકોલી કયાં જોવા મળે છે તે કહેવું સરળ નથી.

મોટી ખિસકોલીના શરીરના ઉપરના ભાગનું લોમચર્મ (ફર) ઘેરા બદામી રંગનું હોય છે. જયારે તેના અન્ય ઉપાંગો છાતી અને માથાની નીચેની બાજુએ આછા પીળાશ પડતા રંગની હોય છે. આ ખિસકોલી દિવાચર છે. એટલે વહેલી સવારતી સાંજ સુધી પ્રવૃત્તિમય રહે છે. આપણે ત્યાં ડાંગ જિલ્લા ભાગમાં આ જાતની મોટી ખિસકોલી જોવા મળતી હતી. પરંતુ સમયથી દક્ષિણ ગુજરાત ભાગમાં તે જોવા મળેલ નથી. વૃક્ષનિવાસી ખિસકોલી એક અલગ ઉપજાતિ છે. તે ફક્ત ગુજરાતમાં જ જોવા મળતી એન્ડેમીક (દેશજ)/ સ્થાનિક હતી. જે હવે લુપ્ત થયેલ માનવામાં આવે છે.




મોટી બદામી રંગની ઉડતી ખિસકોલી કે જેને 'ઉડતી બુલેડી, પાંખાળી કે પાંખરૂ તરીકે પણ ઓળખવામાં આવે છે. ગુજરાતના પૂર્વ પટ્ટીના જંગલો ડાંગ, રાજપીપળા, રતનમહાલ, છોટા ઉદેપુર, વિજયનગરના જંગલ ભાગોમાં છૂટા-છવાયા તેની હાજરીની નોંધ લેવાઈ છે.'

'ઊડતી ખિસકોલી' તેનું નામ રખાયેલ છે. તે પ્રમાણે તે ખરેખર ઉડતી નથી પણ તેના સરીરના બે પગ વચ્ચેની ખાસ ચામડી તેને એક ઊંચા વૃક્ષ પરથી નીચેની તરફ લાંબો કુદકો/ છલાંગ મારતી વખતે હવામાં લાંબા અંતર સુધી ગ્લાઈડ કરવામાં મદદરૂપ બને છે. જૂના વિશાળ કદના વૃક્ષો આ જાતની ખિસકોલીને પ્રિય છે. મહુડા જેવા વિશાળ વૃક્ષોના કપાણ વનોમાં માનવોનો હસ્તક્ષેપ જેવા કારણોને લીધે ખિસકોલીના અસ્તિત્વ માટે ભયજનક બની રહેલ છે. મોડી રાત્રે એકબીજા સાથે વિશિષ્ટ તેવા તેના અવાજની મદદથી એકબીજાનાં સંપર્ક રહેતી આ ખિસકોલી જાતિ કયારે લુપ્ત થી જાય તો કહેવાય નહિ.

# ભારતના ભવ્ય ઈતિહાસની નબળી પ્રસ્તુતિ : ટી.વી સિરીયલ - 'ચન્દ્ર-નંદની'




છેલ્લા પાંચ સાત વર્ષથી ટી.વી પર પૌરાણિક અને ઐતિહાસિક સિરીયલોનો રાફડો ફાટ્યો છે. જો કે એનો લાભ નવી જુની પેઢીના દર્શકોને મળી રહ્યો છે. કેમ કે આપણા પુરાણો અને ઈતિહાસોમાં ઘણી એવી કથાઓ છે ઘટનાઓ છે.જેના ગ્રંથો આજની પેઢી વાંચવાની નથી તો આવી કથાઓને ઘર ઘર સુધી પહોંચાડવાનું કામ આ ચેનલો કરે છે એ પણ નોંધવું જોઈએ.

હમણા જ થોડા સમય પહેલા કલર ટી.વી પર આવતી ભવ્યાતિભવ્ય ટી.વી સિરીયલ ' ચક્રવર્તિન સમ્રાટ અશોક ' પૂર્ણ થઈ અને બીજા જ દિવસે સ્ટાર પ્લસ પર સમ્રાટના અશોકના પિતામહ સમ્રાટ ચન્દ્રગુપ્ત મૌર્ય ના આંતરિક જીવન પર આધારિત સિરીયલ 'ચન્દ્ર – નંદિની' શરુ થઈ છે.

ભારતની ધરતીમાતાના અવાજથી આરંભાતી આ સિરીયલ પીપલીવનના મહારાજ 'સૂર્યગુપ્ત મૌર્ય'અને તેમની પત્ની 'મુરા'ની મૈત્રી મગધના રાજા 'શિશુનાગ' અને મહારાણી 'અવંતિકાઃ સાથે છે. પરંતુ આ 'અવંતિકા'ને તેના જ રાજયના એક સૈનિક 'નંદ' સાથે પ્રેમ છે અને બન્ને મળીને રાજા 'શિશુનાગ'ની હત્યા કરે છે. 'સૂર્યગુપ્ત મૌર્ય' આ હત્યા થતી જોઈ જાય છે. તો નંદ દ્વારા એની પણ હત્યા અને તેની ગર્ભવતી પત્ની 'મુરા'નું ત્યાંથી ભાગવું. રસ્તામાં પુત્રને જન્મ આપવો, આ 'ચન્દ્ર' પુત્રને ત્યાગીને દૂર જતા નંદના સૈનિકોને હાથે પકડાઈ જવું .... આવી અનેક ઘટનાઓથી ભરેલી આ સિરીયલ આરંભથી નબળી રહી છે.

સૌથી પ્રથમ આ સિરીયલના મુખ્ય પાત્રો વિશે જોઈએ તો રજત તોકસ નામના અભિનેતા 'ચન્દ્રગુપ્ત મૌર્ય'નું પાત્ર ભજવે છે. આ કલાકારે 'જોધા અકબર' સિરીયલમાં અકબરનું પાત્ર ખુબ જ ઉત્તમ રીતે ભજવેલું પરંતુ આ કલાકાર 'ચન્દ્ર 'તરીકે પોતાનો પ્રભાવ જમાવી શકતા નથી. કેમ કે ચન્દ્રગુપ્ત ભારતીય ઈતિહાસનું સૌથી સક્ષમ પાત્ર છે. જે અત્યંત શૌર્ય, સાહસ અને પૌરુષત્વથી ભરેલું છે. આ કલાકારની સૌથી મોટી નબળાઈ તેનો સ્ત્રૈણ અવાજ છે. ચન્દ્રગુપ્તનો અવાજ એકદમ પડછંદ અને પૌરુષત્વથી ભરેલો હોવો જોઈએ. જે અહીં નથી. જેને કારણે ચન્દ્રના મોટાભાગના સંવાદો પ્રભાવ પાડી શકતા નથી.

શ્વેતા બાસુ પ્રસાદ નામની અભિનેત્રી આ સિરીયલનું બીજું મુખ્ય પાત્ર 'નંદિની'નું ખુબ જ પ્રભાવશાળી અને સક્ષમતાથી ભજવે છે. ઘોડેસવારી હોય કે તલવારબાજી હોય કે યુદ્ધના દૃશ્યો હોય કે લાગણીના હોય... દરેક ક્ષેત્રે ખુબ જ ઉત્તમ રીતે અભિનય કરીને આખી સિરીયલને ટકાવી રાખે છે.

આખી સિરીયલનું અને ભારતીય ઈતિહાસનું સૌથી મહત્વનું અને આદરપાત્ર પાત્ર હોય તો તે છે 'ચાણક્ય' જે આ સિરીયલનું સૌથી નબળું અને હાસ્યાસ્પદ પાત્ર બની રહે છે. વર્ષો પહેલા દૂરદર્શન ઉપર 'ડૉ. ચન્દ્રપ્રકાશ દ્વિવેદી 'દ્વારા નિર્મિત – દિગ્દર્શિત અને અભિનિત 'ચાણક્ય' સિરીયલના ૪૭ એપિસોડ આજે પણ અવિસ્મરણિય બની રહ્યા છે. ત્યાર પછી 'ચક્રવર્તિન સમ્રાટ અશોક' માં ચાણક્યની ભૂમિકા ગુજરાતી કલાકાર 'મનોજ જોશી' એ ભજવીને ઈતિહાસના ચાણક્યની એક છબિ જનમાનસમાં પ્રસ્થાપિત કરીને ચાણક્યના પર્યાય બની ગયા છે. ઈતિહાસના અમર પાત્ર ચાણક્યની ગરિમાને ગૌરાન્વિત કરે એવા વાસ્તવિક અભિનય દ્વારા મનોજ જોશીએ એ સમ્રાટ અશોક સિરીયલને ખુબ જ લોકપ્રિય બનાવી હતી. એ જ સિરીયલમાં સમ્રાટ બિંદુસારના મહામંત્રી 'ખલ્લટક' નું પાત્ર ભજવનાર કલાકાર મનોજ કોલ્હટકર ચન્દ્ર નંદિનીમાં 'ચાણક્ય' બને છે. જે આખી સિરીયલને હાસ્યાસ્પદ બનાવે છે. કેમ કે આ ચન્દ્ર નંદિનીનો ચાણક્ય કુશાગ્ર બુદ્ધિશાળી કરતા શંકાશીલ વધુ દેખાય છે. શૌર્યવાન ને ઉર્જાવાન દેખાવાને બદલે જિંદગીથી હારી ગયેલા કોઈ સામાન્ય સાધુ જેવો દેખાય છે. આ ચાણક્યના અવાજમાં કે ચહેરા ઉપર જે આચાર્ય તરીકેનું બ્રહ્મતેજ હોવું જોઈએ તે સહેજેય નથી. આંખો સતત પહોળી રહેતી હોવાથી એ ભાવોને બદલી શકતી નથી. જેને કારણે આંખોમાં જે ચતુરાઈ, તેજ, અર્થ અને રાજનીતિ, સામર્થ્યનો પ્રભાવ દેખાવો જોઈએ તેના બદલે ડરપોક અને સતત સમ્રાટ અશોકા સિરીયલનો ' ખલ્લટક ' વધુ દેખાય છે. નંદ જ્યારે ભરસભામાં એમનું અપમાન કરે છે ત્યારે માત્ર ગોખેલું બોલાતું હોય એવું એવી રીતે સંવાદો બોલાય છે. વળી ઊંચા અવાજે બોલતા છાતીમાં હાંફ ચડી જતો સ્પષ્ટ દેખાય છે. આ ચાણક્ય ચન્દ્રગુપ્ત કે અન્ય કોઈ પર અવાજ, પ્રતિભા કે આચાર્યપદથી પ્રભાવ પાડી શકતા નથી. ડૉ. ચન્દ્રપ્રકાશ દ્વિવેદી કે શ્રી મનોજ જોશીએ ચાણક્યના પાત્રને જે ગરિમા આપી છે તેમની સામે આ 'ચાણક્ય' સાવ નિમ્ન કક્ષાના અને હાસ્યાસ્પદ લાગે છે. ચાણક્ય એક વાર એક સંવાદ બોલે છે 'મને ચિંતા છે કે આ યુદ્ધ આપણે જીતીશું કેવી રીતે ? આવો નબળો સંવાદ – ચાણક્યના મુખે હોઈ જ ના શકે. વળી આ પાત્ર ભજવવા માટેનો કલાકારનો આત્મ વિશ્વાસ પણ નબળો પડે છે. તે પણ સ્પષ્ટ જોઈ શકાય છે.




ત્યાર પછીનું અગત્યનું પાત્ર છે. 'નંદ'નું આ પાત્ર અનુભવી કલાકાર ભજવે છે. સક્ષમ અભિનય કરી શકે છે.એક ક્રુર રાજા તરીકે, બાપ તરીકે યોગ્ય ન્યાય આપે છે. પણ છતાંયે દિગ્દર્શનની કેટલીક ખામીને લીધે આ પાત્ર બનવું જોઈએ તેટલું પ્રભાવી બની શક્યું નથી. આ કથાનું બીજું પણ એક મહત્વનું પાત્ર છે નંદનો મહામંત્રી – મહાઅમાત્ય રાક્ષસ, પણ આ પાત્રને અહીં વધારે મહત્વ અપાયું નથી. નંદિનીના પ્રથમ જેની સાથે લગ્ન થવાના હતા તે 'મલયકેતુ'નું પાત્ર ચેતન હંસરાજ અભિનેતા ભજવે છે. જેણે સિરીયલ 'જોધા અકબર'માં ખુબ જ ઉત્તમ રીતે 'આદમ ખાન 'નું પાત્ર ભજવેલું. અહીં પણ પોતાના ભાગે આવતી ભૂમિકાને યોગ્ય ન્યાય આપવામાં સફળ રહે છે. 'હેલના' એ સિકંદરના મુખ્ય સેનાપતિ 'સેલ્યુકસ'ની પુત્રી છે. જે વિદેશી (યુનાની) હોવા છતાંય ભારતીય કલાકાર તનુ ખાન ભજવે છે અને લાગે છે પણ ભારતીય. માત્ર માથાના વાળ રંગીન બનાવી દેવાથી ભારતીય સ્ત્રી યુનાની નથી બની શકતી પણ એની ભાષાનો લહેકો પૂર્ણતઃ ભારતીય હિંદી છે. જેવી રીતે સેલ્યુકસનું પાત્ર ખરેખર વિદેશી કલાકાર દ્વારા ભજવાયું તેવી રીતે હેલનાનું પાત્ર પણ ખરેખર કોઈ વિદેશી અભિનેત્રી દ્વારા રજુ થયું હોત તો સિરીયલનું એક આકર્ષણ વધી શક્યું હોત. જો કે તનુ ખાન હેલના પોતાનું પાત્ર ખુબ જ સારી અને સક્ષમતાથી ભજવે છે. પણ એ ભારતીય હેલના લાગે છે યુનાની નહીં.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# શું નીકળશે '૨૦૧૭'ના પટારામાંથી?

આ લેખ વાંચતા હશો ત્યારે નવા વર્ષની પહેલી સવાર ઉઘડી ગઈ હશે...૨૦૧૬ ભૂતકાળ થઈ ગયું હશે...૨૦૧૭નો આગાઝ થઈ ગયો હશે... અને એ બધાની વચ્ચે ૩૧મી ડીસેમ્બર ૨૦૧૬ની સાંજે માનનીય પ્રધાનમંત્રીએ 'મિત્રોઓઓઓઓઓ... બહેનો... ઔર ભાઈઓ'' પણ કરી લીધું હશે અને અને આ બધાની વચ્ચે હું અને તમે બધા ગઈ ગુજરી ભૂલીને એક નવા અને નુતન વર્ષને આવકારવા ઓલમોસ્ટ તૈયાર થઈ ગયા હોઈશું. દરેક વીતેલું વર્ષ આપણને આમાંથી કેટલા પડકારો, સપનાઓ, ઉમ્મીદો પુરા થયા અને કેટલા અધૂરા રહ્યા એનો હિસાબ-કિતાબ આપતું જાય છે અને એ જ રીતે આવનાર દરેક નવું વર્ષ નવી ઉમ્મીદો અને કાર્યો, ઘટનાઓ વિષે ઉત્સુક્તતા જગાવતું આવે છે. આવો પ્રકાશને થ્રો કરીએ ૨૦૧૭માં થનારી થોડી 'સ્યોર' ...થોડી મેં બી 'અને થોડી' મેં બી નોટ ઘટનાઓ પર...!!!

નોટ સે યાદ આયા કી આ લેખ શુક્રવારે લખાઈ રહ્યો છે એટલે શનિવારે નરેન્દ્ર મોદીએ નોટબંધી બાબતે કે એની અસરો બાબતે કે પછી જેમ રિપોર્ટો આવતા રહેતા એમ નોટબંધીથી પીડાયેલા લોકો માટે કોઈ રાહત કે સારા સમાચાર વહેતા કર્યા હશે કે નહિ એની તો આ લખનારને ખબર નથી પણ એટલું ચોક્કસ છે કે ૨૦૧૭માં નોટબંધીની અસરો ચાલુ તો રહેવાની જ. નોટબંધીથી શરુ થઈને પાછળથી કેશલેશ ઈકોનોમી તરફ સરકી ગયેલી પ્રધાનમંત્રીની કાળાનાણા અને ટેરર ફન્ડિંગ પર કુઠારાઘાત કરતા આ સરસ પગલાની લોકોએ કાઢેલા શોર્ટકટસને લીધે ધાર્યા જેટલી અસર નથી થઈ એ હકીકત છે. વિવિધ સર્વેમાં જનતાએ યોજનાને તો સમ્પૂર્ણ ટેકો આપેલો જ છે પણ અગાઉના લેખમાં લખેલું એમ કે સચોટ આયોજનના અભાવે સામાન્ય પ્રજા પર આની અવળી અસરો પડી છે. સરકાર આ અવળી અસરોને ભૂસવા માટે ૨૦૧૭માં કશુક એવું ચોક્કસ કરશે જ કે જેનાથી સામાન્ય લોકોને આ નોટબંધીને લીધે પડેલી મુશ્કેલીઓમાં રાહત થાય. એટલે જ કદાચ ૨૦૧૭ના પિટારામાં મને ને તમને શું નીકળશે એ જાણવાની સૌથી વધુ ઉત્સુક્તતા છે એવી ચીજ છે બજેટ..!! ૨૦૧૭મા ફેબ્રુઆરીના અંતને બદલે ફેબ્રુઆરીની શરૂઆતમાં આમ બજેટ રજુ કરવામાં આવશે અને ઉમ્મીદ છે કે આ બજેટમાં ટેક્ષના સ્લેબમાં ફેરફાર થઈ શકે છે કે જેથી ઈમાનદાર અને સામાન્ય કરદાતાઓને ફાયદો થાય એ ઉપરાંત કિસાનો અને નાના વેપારીઓ માટે રાહતના સમાચાર મળી શકે છે . એ જ રીતે ૨૦૧૭મા પ્રથમ જ વાર રેલ્વે બજેટ રજુ નહિ કરાય પણ આમ બજેટની સાથે જ રેલ્વે બજેટને જોડી દેવામાં આવશે. કાળા નાણાનો કેટલો ખાત્મો થયો એ તો સરકાર કોઈ આંકડા જાહેર કરે ત્યારે ખરું પણ જો સરકારના ઈરાદા પર નજર કરીએ તો બેનામી મિલકતો અને શક્ય છે કે સોનાને લાગતો કોઈ કાયદો પણ ૨૦૧૭મા આવી શકે છે એમ તો બહુચર્ચિત જીએસટી પણ એપ્રિલ ૨૦૧૭થી જ લાગુ થવાનો છે પણ હાલ તો એ એપ્રિલમાં લાગુ થાય એવી શક્યતાઓ ઓછી છે. સરવાળે મોદી સરકાર માટે હજુ આવનારા દિવસો સરળ તો નથી જ.

૨૦૧૭મા યુપી, પંજાબ, ગોવા, ઉતરાખંડ અને મણિપુરમાં ચુનાવી બ્યુગલ વાગવાના છે. સૌના કાન સરવા છે ગોવા, યુપી અને પંજાબના બ્યુગલ સાંભળવા કેમકે ત્રણમાંથી પંજાબ અને યુપીમાં જંગ બરાબર જામવાનો છે, એમ કહો ને કે ઓલરેડી જામી ચુક્યો છે. યુપીમાં બાપ-બેટા રણે ચડ્યા છે. અખિલેષબાબા પિતા મુલાયમ સામે બાયો ચડાવી ચુક્યા છે અને અધૂરામાં કાકા શિવપાલ એમાં ઘી હોમી રહ્યા છે અને આ બાપ-બેટા-કાકાના ત્રિકોણીયા હવનનો પ્રસાદ મળવાની રાહમાં જોર લગાવી રહ્યા છે ભાજપ અને બીએસપી. જી હા, સપા ના ડખ્ખાનો સીધો લાભ આ બેમાંથી એકને કે બન્નેને થઈ શકે છે અને જો લોકસભાના પરિણામોને પારાશીશી બનાવીએ તો ભાજપનું પલ્લું ભારે છે પણ આ યુપીનું લોકલ અને જાતીવાદી પોલીટીક્સ છે એટલે કઈ પણ કહેવું અત્યારે મુશ્કેલ છે પણ એ નક્કી છે કે જો સપા માં આમ જ ચાલતું રહ્યું તો ૨૦૧૭મા યુપીમાં બદલાવ આવી શકે છે અને આ બદલાવ માયાવતી કરતા નોટબંધીના મામલે ગૂંચવાયેલા ભાજપ માટે વધુ ફાયદાકારક બની રહેવાનો કેમકે ગુજરાતની ચૂંટણીઓ 'બહોત દુર નહિ હૈ'!! એમ તો જે રીતે અરવિંદની 'આપ' પંજાબ અને ગોવામાં પ્રચાર કરી રહી છે એ જોતા એમ લાગે છે કે પંજાબ તો કદાચ બચી જાય પણ ગોવામાં 'આપ' નો વિજયવાવટો ફરકવાના ચાન્સીસ વધુ છે અને જો આવું થશે તો ભાજપને તો બિહાર પછી આ બીજો કરારો ઝટકો લાગવાનો અને અરવિંદ માટે 'દિલ્હી' ની બહાર મોરચા અને સભાઓ માટેનું એક નવું સ્થળ મળી જવાનું...! બાય ધ વે સુજ્ઞ વાંચકોને પ્રશ્ન થયો હશે કે ' આખીયે રાજકીય રામાયણમાં કેમ કોંગ્રેસ કે રાહુલનો ઉલ્લેખ થયો નહિ ?' તો હે સુજ્ઞ વાંચકો જવાબ એ છે કે આ ત્રણેય રાજ્યોમાં રાહુલ કે કોંગ્રેસ કોઈ જ ' ધરતીકંપ ' લાવી શકે એમ છે નહિ એટલે ચર્ચામાં એમનો ઉલ્લેખ અવગણ્યો છે...!




ઓકે, રાજકારણથી કંટાળ્યા હોવ તો ૨૦૧૭ના પીટારામાં બીજું પણ ઘણું બધું છે જ...! સુલતાનથી સલમાને અને દંગલથી આમીરે ખાનપાવર બતાવી દીધા પછી હવે 'ડીયર જિંદગી'ની એવરેજ સફળતા અને' દિલવાલે ની ભયંકર નિષ્ફળતા પછી' આઈ એમ કિંગ 'સાબિત કરવા શાહરૂખ' રઈસ અને 'ધ રીંગ' લઈને આવશે તો રિતિક પણ દર્શકોને 'કાબિલ' છે કે નહિ એની ચકાસણી કરી જવાનો. એવરહીટ અક્ષય 'જોલી એલ.એલ.બી. ' અને 'ટોઈલેટ – એક પ્રેમ કથા' 'માંડવાનો છે તો વન એન્ડ ઓન્લી બચ્ચન 'સરકાર-૩' લઈને આવશે કે જેના પર બચ્ચન કરતા રામુનો દારોમદાર વધુ છે. સલમાન – કબીરખાનની જોડી એમની ફાવી ગયેલી દેશભક્તિવાળી વાર્તા લઈને 'ટ્યુબલાઈટ' ઓન કરશે તો સલમાનની 'ટાઈગર જિન્દા હૈ ''અને કદાચ 'દબંગ-૩' પણ આવવાની. આ બધા સીનીયર વચ્ચે રણબીર માંડ પૂરી થયેલી અને એક્સ-લવર કેટ વાળી ' જગ્ગા જાસુસ'થઈને શું જાસુસી કરશે એ તો આવે ત્યારે ખબર અને એ જ રીતે 'શિવાય' ના કર્જના હપ્તા ભરાશે કે નહિ એનો આધાર દેવગણની 'બાદશાહો' અને 'ગોલમાલ અગેન' કેવી જાય છે એના પર રહેવાનો. આ બધા વચ્ચે ધ કપિલ શર્મા શો સિવાય કપિલની 'ફીરંગ' અને સંજય ભણશાળીની ભવ્ય 'પદ્માવતી' કદાચ આવશે પણ એક વાત સ્યોર છે કે 'બાહુબલીને કટપ્પાકો કયું મારા ?' એનો જવાબ ૨૦૧૭માં ચોક્કસ મળી જવાનો...!!

૨૦૧૭મા અનુષ્કા-વિરાટના મેરેજ થાય કે નાં થાય પણ જો આમ ને આમ સફળ થયા કરશે તો ભારતીય ટેસ્ટ ઈતિહાસનો ત્રીજો સૌથી સફળ કેપ્ટન સાબિત થયા પછી વિરાટના હજુ વધુ વિરાટ થવાના ચાન્સીસ તો છે જ, આઈ મીન વન-ડેની કેપ્ટનશીપ આપવી જોઈએ એવી ચર્ચાઓ તો શરુ

**અનુસંધાન પાના નં. ૭ પર**